# કોલેજ ઓફ એગ્રીકલ્ચર
# આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય
જબુગામ – ૩૯૧ ૧૫૫ તા: બોડેલી જી. છોટા ઉદેપુર

## કૃષિ કોલેજ જબુગામનું ગૌરવ

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના યજમાન પદે તા. ૨૨ થી ૨૪, સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમ્યાન **"રાષ્ટ્રીય સેવા યોજના દિવસ"** ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી સમારોહ દરમ્યાન બોદ્ધિક વ્યાખ્યાનો તેમજ વિવિધ ૧૭ સ્પર્ધાત્મક કાર્યક્રમો જેવા કે નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, સોલો સોંગ, લઘુ વાર્તા, સમુહગાન, રંગોળી વગેરેનું આયોજન કરવામાં આવેલ હતું. ગુજરાત ભરની વિવિધ યુનિવર્સિટીઓ માંથી અંદાજીત ૬૦૦ જેટલા સ્વયંસેવક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, આણંદ કૃષિ યુનિવર્સિટીની વિવિધ કોલેજોમાંથી પણ કુલ ૧૨ વિદ્યાર્થીઓએ સદર ઉજવણી/સ્પર્ધાત્મક કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જેમાંથી એગ્રીકલ્ચર કોલેજ જબુગામના વિદ્યાર્થી **શ્રી હાર્દિક એચ. પટેલ** લઘુવાર્તા (Short Story) સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે વિજેતા ઘોષિત થયા હતા. શ્રી હાર્દિક પટેલને સમાપન સમારોહમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી દ્વારા પુરસ્કારિત કરવામાં આવેલ હતા. ભાઈશ્રી હાર્દિક એચ. પટેલની આ સિદ્ધિ બદલ જબુગામ કૃષિ કોલેજ તથા સમગ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી પરિવાર હર્ષની લાગણી અનુભવે છે તથા તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે.

